# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

**કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.**

તારીખ : ૨૫-૧૧-૨૦૧૧

સ્નેહી સ્વજન,

**જયશ્રી કૃષ્ણ**

આપશ્રીને જણાવતા આનંદ થાય છે કે, જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળના ઉપક્રમે જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે તથા પરસ્પર સદ્ભાવના વધે, અને આગામી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે સેતુરૂપ બને તે હેતુથી વખતોવખત વિવિધ પ્રવૃત્તિઓ આયોજીત કરવામાં આવે છે. જેની સફળતાના પાયામાં આપનો સક્રીય સાથ, સહકાર અને સહયોગ રહેલ છે. આ વિચારધારાના ભાગરૂપે લગભગ પ્રત્યેક વર્ષે યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ ચાલુ વર્ષે **આગામી તા. ૧૧-૧૨-૧૧ને રવિવારના રોજ જંબુસર-ડાભા-સ્તંભેશ્વરના યાત્રા પ્રવાસનું આયોજન અંદાજીત અંતર ૪૩૦ કિ.મી.** નીચે જણાવ્યા મુજબ કરેલ છે. આશા છે કે, આ યાત્રા પ્રવાસમાં સૌ જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવશો.

| | | |
|---|---|---|
| **પ્રવાસ ખર્ચ** | : | ૭૦ વર્ષથી વધુ ઉંમરનાં જ્ઞાતિજનો માટે **રૂા. ૨૦૦/-** |
| **નિયમ-૭ મુજબ** | : | અન્ય તમામ જ્ઞાતિજન માટે **રૂા. ૩૦૦/-** |
| **નિયમ-૯ મુજબ** | : | પરજ્ઞાતિમાં પરણાવેલ બહેન/દિકરીના કુટુંબ માટે **રૂા. ૪૦૦/-** |

**બસ ઉપડવાનું સ્થળ : ૧. રાયપુર ચકલા, ૨. આંબાવાડી-પોલીટેકનીક**

**યાત્રા પ્રવાસ અંગે વિસ્તાર મુજબની બસ માટે ફોર્મ ભરીને આપવાની તારીખ, સમય અને સ્થળ :**

**તા. ૩-૧૨-૧૧ને શનિવાર - સાંજે ૭-૩૦ થી ૮-૩૦ કલાકે ✤ તા. ૪-૧૨-૧૧ને રવિવાર - સવારે ૧૦-૩૦ થી ૧૧-૩૦ કલાક સુધી**

**સ્થળ : જ્ઞાતિ કાર્યાલય, જગાભાઈ શેઠની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.**

## યાત્રા પ્રવાસનો કાર્યક્રમ : તા. ૧૧-૧૨-૧૧ને રવિવાર

| | | |
|---|---|---|
| સવારે | ૬-૧૫ કલાકે | અમદાવાદથી પ્રસ્થાન |
| | ૯-૩૦ કલાકે | ડાભા - શ્રી મહાપ્રભુજીની બેઠક દર્શન, ચા-નાસ્તો |
| | ૧૦-૩૦ કલાકે | જંબુસર શ્રીહરી રાયજી મહાપ્રભુજી નીધી સ્વરૂપનાં બેઠકજીના દર્શન |
| બપોરે | ૧-૦૦ કલાકે | રાજભોગ દર્શન, ત્યારબાદ મહાપ્રસાદ |
| | ૨-૦૦ કલાકે | સ્તંભેશ્વર જવા પ્રસ્થાન |
| | ૩-૦૦ કલાકે | સ્તંભેશ્વર દર્શન |
| | ૪-૦૦ કલાકે | દરીયાઈ મોજાને માણવાની મજા, ચ્હા |
| સાંજે | ૬-૦૦ કલાકે | ભોજન |
| | ૭-૦૦ કલાકે | અમદાવાદ તરફ પ્રસ્થાન |





## યાત્રા પ્રવાસ અંગેની સુચના, નિતીનિયમો નીચે મુજબ રહેશે.

**(૧) નામોની નોંધણી વિસ્તાર મુજબ જ્ઞાતિ કાર્યાલયમાં જ કરવામાં આવશે. (૨) પ્રવાસમાં આવનાર કુટુંબ (લ્હાણાદરે) પોતાના જ કુટુંબના સભ્યોના નામ ફોર્મમાં લખવાનાં રહેશે. (૩) વિસ્તાર મુજબની બસોમાં થતાં ઝોન પ્રમાણેથી બસોમાં બેઠક વ્યવસ્થા કરતાં વધારે સંખ્યા થાય તો બીજા ઝોનમાં ખાલી જગ્યા હોય તે બસમાં સમાવેશ કરાશે અને આ અંગેની જાણ આવનારને કરવામાં આવશે. (૪) જે વિસ્તારમાંથી ઉપડતી બસમાં નામ નોંધાવ્યા હોય તે જ વિસ્તારની બસમાં જતા આવતાં મુસાફરી કરી શકાશે, પાછળથી ફેર બદલ કરી શકાશે નહીં. (૫) બસો જે તે સ્થળોએથી ઉપડી તે જ સ્થળે પરત આવશે અને ત્યાં ઉતરવાનું રહેશે. (૬) પ્રવાસ દરમ્યાન અનુકુળતા મુજબ ચા, નાસ્તો, એક સમયનું પાકુ ભોજન તથા એક વખત સાદુ ભોજન આપવામાં આવશે. (૭) ત્રણ વર્ષ કે તેથી ઉપરના તમામની આખી ટીકીટ અને બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. (અડધી ટિકીટની જોગવાઈ કરવામાં આવશે નહીં.) (૮) પ્રવાસ દરમ્યાન આકસ્મિક સંજોગો કે પરિસ્થિતી ઉભી થતાં તે મુજબ અનુકુળતા અને સમય સંજોગોને અનુલક્ષીને કોઈપણ જાતનો શકય ફેરફાર કરી શકાશે. જે સર્વેને સ્વીકાર્ય તથા બંધનકર્તા રહેશે. (૯) યાત્રા પ્રવાસમાં ફક્ત જ્ઞાતિજનો જ અને પરજ્ઞાતિમાં પરણાવેલ પુત્રી-જમાઈ/બેન-બનેવી તથા તેમનાં જ અપરિણીત સંતાનો ભાગ લઈ શકશે. આ સિવાયના કોઈ જ્ઞાતિ બહારના આવશે તો તેઓને બસમાં મુસાફરી કરવા દેવામાં આવશે નહિં. આમ છતાં જો આવી વ્યક્તિ માલુમ પડશે તો તેને પ્રવાસ કરવા દેવામાં આવશે નહિં જેની ખાસ નોંધ લેવા વિનંતી. (૧૦) સંજોગોવશાત નામ નોંધાવ્યા બાદ કેન્સલેશન કરાવેથી રીફંડ મળી શકશે નહીં. (૧૧) દરેક યાત્રિકે પોતાની સ્વજવાબદારી સ્વીકારીને તેમજ પોતાના જોખમે યાત્રા કરવાની રહેશે. કોઈપણ યાત્રિકને શારીરિક, આર્થિક, બીનઆર્થિક હાની પહોંચે તેની જવાબદારી સંસ્થા અને અથવા સંચાલકોની રહેશે નહીં.**

✂ - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - ✂

**નીચેનામાંથી આપનો વિસ્તાર ✔ જણાવશો.**

☐ **સીટી એરીયા** ☐ **આંબાવાડી**

## યાત્રા - પ્રવાસ અંગેનું ફોર્મ

**ફોન નં.:** ____________ **ફોર્મ નં.:** ______

**મો.નં.:** ____________________

**(આ ફોર્મમાં ફક્ત એક જ કુટુંબના (લ્હાણાદારના) સભ્યોના નામ લખવા)**

તા. ૨૫-૧૧-૧૧

**મારા કુટુંબની નીચે જણાવેલ વ્યક્તિઓ યાત્રા-પ્રવાસમાં ભાગ લેનાર છે તો તે મુજબની નોંધણી કરશો.**

| અ.નં. | નામ | ઉંમર | રૂા. | કુટુંબના વડા સાથેનો સંબંધ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

**કુલ્લે ભાગ લેનાર સભ્યો ............ x = રૂપિયા (અંકે રૂા. )**

**નોંધ : -** (૧) જ્ઞાતિ લ્હાણાદારની સુગમતાને લક્ષમાં લઈ ઉપરોક્ત તારીખ પહેલા આ પ્રવાસનું ફોર્મ પાછળ દર્શાવેલ કાર્યકર્તા પૈકી કોઈપણ એકને મોકલી શકાશે.
(૨) બંને બેઠકજીએ ઝારીજી ભરવાની ઈચ્છા ધરાવનારે ઉપરના ફોર્મમાં પોતાના નામનાં અનુક્રમ નંબર ફરતે ૦ નિશાની કરવાની રહેશે.
(૩) અપરશમાં જવાનું હોવાથી બ્રહ્મસંબંધ લીધેલ હોવા આવશ્યક છે.

**વધુમાં, અગાઉના પ્રવાસ અનુસંધાને જ્ઞાતિજનો તરફથી મળેલ બહુમુલ્ય આર્થિક સહયોગ અને લાગણીને અનુમોદન આપી આ યાત્રા પ્રવાસમાં નીચે જણાવેલ વિગતથી સ્પોન્સરશીપ તથા અનુદાન સ્વીકારવામાં આવશે.**

**:: બસ દીઠ સ્પોન્સરશીપ ::**

**❊ મિષ્ટ ભોજન રૂા. ૫,૦૦૦/-** **❊ બપોરની ચ્હાનાં રૂા. ૫૦૦/-**
**❊ સવારનાં ચ્હા-નાસ્તાનાં રૂા. ૧,૨૫૧/-** **❊ સાંજના ભોજનનાં રૂા. ૧,૫૦૦/-**

**"મનોરથ : જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળ તરફથી શ્રી વલ્લભાચાર્યજી બેઠકજી, ડાભા ખાતે રાજભોગનું આયોજન કરેલ છે. જેમાં યથાશક્તિ સહયોગ આપી શકાય છે."**

**- સ્તંભેશ્વર મહાદેવ ખાતે રૂદ્રાભિષેકની વ્યવસ્થા છે. જે અંગે રૂા. ૨૦૦/- અગાઉથી જમા કરાવી ભાગ લઈ શકાશે.**

આ ઉપરાંત અન્ય કોઈ માહિતી, ભેટ, અનુદાન અંગે નીચે જણાવેલ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| **શ્રી રોહિતભાઈ કે. શાહ** | 22146648 | **શ્રી રાજુલભાઈ આર. ચોકસી** | 98250 08681 |
| **શ્રી અરવિંદ એમ. ચોકસી** | 94276 07976 | **શ્રી નિશીત બી. ચોકસી** | 98794 98765 |
| **શ્રી અલ્કેશ આઈ. ચોકસી** | 98253 66631 | **શ્રી આશીત એન. શાહ** | 98981 20015 |
| **શ્રી યોગેશ એસ. ચોકસી** | 99243 65143 | **શ્રી નૈમેષ પી. ચોકસી** | 90996 58001 |

ચાલુ સાલે તા. ૫-૧૧-૧૧ને શનિવારના રોજ જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળનાં સંયુક્ત ઉપક્રમે નૂતન વર્ષ મિલન સમારંભનું સુંદર આયોજન કરેલ. જેમાં અધ્યક્ષ સ્થાને યુવક મંડળનાં ટ્રસ્ટી શ્રી રજનીકાંતભાઈ કે. ચોકસી, વ્યક્તિ વિશેષ તરીકે પ્રથમ પંક્તિનાં કાર્ડીયાલીક સર્જન ડૉ. અતુલ ચોકસી- ફાઉન્ડર ચેરમેન (ક્રીષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશ્યાલીટી), જ્ઞાતિ તથા યુવક મંડળનાં ટ્રસ્ટી શ્રી શૈલેષભાઈ ગાંધી, શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ (ઔડાનાં ચેરમેન) વિગેરે ઉપસ્થિત રહેલ અને મોટી સંખ્યામાં સૌ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. **આ પ્રસંગે મહાનુભાવશ્રીઓનાં વરદ હસ્તે જ્ઞાતિનાં ૩૧ તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણવાર વિવિધ સ્કોલરશીપનાં ચેક અર્પણ કરેલ. ૭૦ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા નીચે જણાવેલા વડીલોને શાલ અર્પણ કરી બહુમાન કરેલ.**

| | |
|---|---|
| ૧. શ્રી ગોપાલભાઈ ચીનુભાઈ ચોકસી | ૫. શ્રીમતી પ્રવિણાબેન નવનીતભાઈ ચોકસી |
| ૨. શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ | ૬. શ્રી સુબોધભાઈ જશવંતલાલ શેઠ |
| ૩. શ્રી નીતીનભાઈ ભગુભાઈ શાહ | ૭. શ્રી સુબોધભાઈ કનૈયાલાલ ચોકસી |
| ૪. શ્રી નવનીતભાઈ જયંતિલાલ શાહ | ૮. શ્રી વિરેન્દ્રભાઈ કાંતીલાલ ચોકસી |

**શિક્ષણ ઉપરાંત અન્ય કલા, સાંસ્કૃતિક, રમત-ગમત કે વ્યવસાયીક ક્ષેત્રે આગવું સ્થાન પ્રદાન આપનાર અને સિધ્ધી મેળવનાર નીચે જણાવેલ વિગતે ટ્રોફી આપવામાં આવેલ.**

| નામ | સિધ્ધી ક્ષેત્ર | નામ | સિધ્ધી ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. રૂત્વી આશીષભાઈ શાહ | રમત ગમત | ૫. નીતીનભાઈ ભગુભાઈ શાહ | કલા |
| ૨. સમીરભાઈ જગદીશભાઈ ચોકસી | વ્યવસાયિક | ૬. ધ્રુવી આશીતભાઈ શાહ | શિક્ષણ |
| ૩. દર્શીલ રાજુલભાઈ શાહ | કલા | ૭. કિરણબેન દુશ્યંતભાઈ ચોકસી | સામાજીક |
| ૪. ખુશાલી અલ્કેશભાઈ ચોકસી | સંશોધન | ૮. મિસરી કૌમિલભાઈ ચોકસી | સંશોધન |

આ કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવશ્રીઓએ જ્ઞાતિજનોને નવ વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવી જ્ઞાતિજનોનાં સર્વાંગી વિકાસ અને આગામી પેઢીનાં બહુઉદ્દેશાત્મક હેતુઓને સમયને અનુરૂપ પધ્ધતિથી અમલી બનાવવા માટે કટીબધ્ધ થઈ સહીયારા પ્રયાસથી કામગીરી આદરવા માટે સક્રીય બની તન-મન-ધનનાં આવિષ્કારથી સફળતા પામવા અપીલ કરેલ. જેને સર્વ જ્ઞાતિજનોએ સહર્ષ આવકારેલ.

**આ કાર્યક્રમનાં અંતે જ્ઞાતિ તથા યુવક મંડળની સ્થાપનાથી આજ પર્યંત સનિષ્ટ સેવાઓ આપનાર શ્રેષ્ઠી કુટુંબીઓ પૈકીનાં સ્વ. રમણલાલ સી. શાહનાં સુપુત્ર સ્વ. વિનોદભાઈ આર. શાહે (સી.એ.)આપેલ બહુમુલ્ય અવિરત અને નિઃસ્વાર્થ સેવાઓને નોંધ લઈ સદ્‌ગતનાં આત્માનાં શ્રેયાર્થે શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ અને ગત વર્ષ દરમ્યાન આપણી જ્ઞાતિનાં જે કોઈ સ્વજન ગુમાવ્યા હોય તે તમામને પ્રભુ ચિર શાંતિ બક્ષે તે માટે શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવેલ.**

**અસ્તુ...**

**ખાસ નોંધ : કેળવણી વિષયક : કોલેજની ફી અંગેનાં ફોર્મ જ્ઞાતિ કાર્યાલયેથી મેળવી તા. ૩૧-૧૨-૧૧સુધીમાં જરૂરી વિગત પુરાવા સહિત રજુ કરવા.**

BOOK POST
**PRINTED MATTER**

To,


# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

**લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.**